## હે વ્હાલા શીદને

(ફિલ્મઃ વેરનો વારસ)

હે વ્હાલા શીદને મારો છો મને કાંકરી રે...
હે મારી લાખ સવાની રૂડી હેલ્ય મારા રાજ રે...શીદને.
હે વ્હાલા શીદને મારો છો મને આંખડી રે...
હે તારૂં જોબન છે ફાગણ ફટકેલ, મારી રાજવણ...શીદને.
હે મારી જુવાની જુઓ તો કુણી કાકડી રે...
પાછી પનઘટની કેડો ઘણી સાંકડી રે...
એમાં સખણા ન રો તમે છેલ, મારા રાજ રે...શીદને.
વાગે શરણાઇને જાન આવે વેલડે રે
ઘોડે ચડવાના કોડ હતા દલડે રે...
પણ તારા બાપે બગાડયો બધો ખેલ. મારી રાજવણ...શીદને.
એ ગોરી થાજો ના તમે બહુ વાયડા રે...
હજુ ભેટયા નથી તમને ભાયડા રે
હવે જાગ્યો છે સાયબો સુતો. મારી રાજવણ...શીદને.